| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૪–૧–૨૦૧૨ |
| નોંધણી તારીખ | ૦૪–૧–૨૦૧૨ |
| ફેંસલ તારીખ | ૩૦–૦૪–૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૩ / ૨૦૧૨

આંક :– ૧૨

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

**<u>વિ રૂ ધ્ધ</u>**

**<u>આરોપી</u>** :– રમણભાઈ ચતુરભાઈ પટેલ,ઉ.વ.૪૨
રહે,૫૬/૧, અંજના પાર્ક સોસાયટી, હીરાવાડી,
સૈજપુર બોઘા, નરોડા, અમદાવાદ.

**<u>એ ડ વો કે ટ સ</u>** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી પંડયા
આરોપી પક્ષે વિ.વ.શ્રી એમ.આઈ.પટેલ

**<u>ગુનો :– ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), તથા બી.પી.એકટ ક. ૧૩૫(૧) મુજબ.</u>**

## **// ઠ રા વ //**

૧). ફરીયાદ પક્ષના કેસની ટુંક માં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૭– ૧ ૨–૧૧ ના કલાક ૧૧:૪૫ ના સુમારે આ કામના ફરીયાદીનાઓ અનિલ રોડ મુકામે આવેલ આ કામના આરોપીની કરુણા સાગર એસ્ટેટમા આવેલ પ્લાસ્ટીકના કારખાનામા પોતાના ઓર્ડરનો માલ સામાન લેવા જતા તેઓનો ઓર્ડર મુજબનો માલ સામાન તૈયાર નહી હોય તેમણે આરોપીને જણાવેલ કે આજદીન સુધી માલ કેમ મળેલ નથી. આમ કહેતા આરોપી ફરીયાદીની ઉપર ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલવા લાગતા ફરીયાદીએ ગાળો બોલવા ના પાડતા આ કામનો આરોપી વધુ ઉશ્કેરાઈ ગયેલ અને પોતાના હાથમા પ્લાસ્ટીક મશીન રીપેરીંગ કરવાનુ લોખંડનુ પાનુ હતુ તે પાનાનો એક ફટકો ફરીયાદીના માથામા મારી ઈજા કરી મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી ભાગી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલો છે.

૨). સદર કામે આરોપીઓને સમન્સ કરતા તેઓ ને બજી જતા તેઓ કોર્ટ માં હાજર થતા તેમને પોલીસ તપાસ ના કાગળો ની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની સામે પ્લી રેકર્ડ કરી તે તેઓ ને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લ ેવામાં આવતા તેઓ એ ગુના કબુલાત હકીકત નો ઈન્કાર કરતા સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

૩) સદર કામે ફરીયાદ પક્ષે તેમના કેસ ના સમર્થન માં નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

- સમાધાન પુરસીસ.
- ફરીયાદી જયેન્દ્રભાઈ સુરેશભાઈ રાજપુત (મારવાડી) ની જુબાની.

– ફરીયાદની નકલ.

– પંચનામાની નકલ.

– સારવાર સર્ટી.ની નકલ.

– જાહેરનામાની નકલ.

– કલોઝીંગ પુરસીસ.

૪). સદર કામે ફરીયાદ પક્ષના પુરાવા ના અંતે આરોપીની સામે પુરતો પુરાવો ન જણાતા ક્રિ. પ્રો. કોડ ની કલમ ૩૧૩ અન્વયે વધુ જવાબ લેવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે એ. પી. પી. શ્રીને તથા બચાવ પક્ષે વિ. વ. શ્રીને સાંભળવામાં આવેલ છે.

૫). સદર કામે બંને પક્ષ ની દલીલો તથા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્યાને લેતા મારા નિર્ણયો માટે નીચે મુજબ ના મુદ્દા ઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ સાબીત કરે છે કે, ફરીયાદ પક્ષના કેસની ટુંક માં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા.૭– ૧૨–૧૧ ના કલાક ૧૧:૪૫ ના સુમારે આ કામના ફરીયાદીનાઓ અનિલ રોડ મુકામે આવેલ આ કામના આરોપીની કરુણા સાગર એસ્ટેટમા આવેલ પ્લાસ્ટીકના કારખાનામા પોતાના ઓર્ડરનો માલ સામાન લેવા જતા તેઓનો ઓર્ડર મુજબનો માલ સામાન તૈયાર નહી હોય તેમણે આરોપીને જણાવેલ કે આજદીન સુધી માલ કેમ મળેલ નથી. આમ કહેતા આરોપી ફરીયાદીની ઉપર ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલવા લાગતા ફરીયાદીએ ગાળો બોલવા ના પાડતા આ કામનો આરોપી વધુ ઉશ્કેરાઈ ગયેલ અને પોતાના હાથમા પ્લાસ્ટીક મશીન રીપેરીંગ કરવાનુ લોખંડનુ પાનુ હતુ તે પાનાનો એક ફટકો ફરીયાદીના માથામા મારી ઈજા કરી મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી ભાગી જઈ પાછળથી પકડાઈ જઈ આ અદાલતની

હકુમતમાં ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), તથા બી.પી.એકટ ક. ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

૬). ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

૭). ફરીયાદ પક્ષે તેમના કેસ ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદી જયેન્દ્રભાઈ સુરેશભાઈ રાજપુત (મારવાડી) ને તપાસતા તેઓને પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનુ જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં બનાવ સમયે માત્ર બોલાચાલી થયેલાનું તેમજ આરોપીએ કોઈ જ અપશબ્દો બોલેલ ન હોવાનુ તેમજ હથિયારો ધારણ કરેલ ન હોવાનું તેમજ માર મારેલ ન હોવાનું સ્વીકારેલ છે. જેથી સમાધાન થયાની રજુઆત કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ લેશમાત્ર હકીકત જણાવેલ નથી. ત્યારબાદ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

૮). સદર કેસ ની ઉપરોકત તમામ હકીકતો અને પડેલ પુરાવા ને ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાના પુરાવા થી આરોપીને તેઓની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવી શકે તેવો કોઈ જ પુરાવો પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ " ન કા ર માં " આપી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## **:: હુ ક મ ::**

(૧) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૮ (૧) અન્વયે

ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), તથા બી.પી.એકટ ક. ૧૩૫(૧) મુજબના આક્ષેપાયેલા શિક્ષા પાત્ર ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીઓના હાલના જામીનખત રદ કરવા તેમજ આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૪૩૭(એ) અન્વયે અપીલ થતા સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ ૩૦ માહે એપ્રિલ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ ૩૦/૦૪/૨૦૧૯
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૩, અમદાવાદ.
Code No. GJ00862